દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શુક્રવાર ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪

# એક્ઝિટ પોલ્સ પર પ્રતિબંધ મુકાઇ જવો જોઈએ?

થોડા મહિનાઓ પહેલાં સંપન્ન થયેલી લોકસભાની ચૂંટણી અને તાજેતરમાં પૂરી થયેલી જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભાઓની ચૂંટણીઓમાં એક બાબત સમાન રહી, અને તે એ કે આ ત્રણેય ચૂંટણીઓના પરિણામોની આગાહી કરવામાં લગભગ તમામ એક્ઝિટ પોલ્સ ખોટા પડ્યા. એક્ઝિટ પોલ્સની આ ઉપરાછાપરી નિષ્ફળતા પણ એક ચર્ચાનો વિષય બની છે, અને હવે ચૂંટણી પંચે પણ તેની નોંધ લીધી છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે મંગળવારે જણાવ્યું હતું કે એક્ઝિટ પોલ વિચલિત કરી રહ્યા છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રેસ માટે આ એક મુદ્દો છે જેના પર વિચાર કરવો અને ચર્ચા કરવી જોઈએ. હરિયાણા વિધાનસભા અને લોકસભાની ચૂંટણીના પરિણામોની આગાહી કરવામાં એક્ઝિટ પોલની તાજેતરની નિષ્ફળતા પર પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું હતું કે, “એક્ઝિટ પોલ અને તેઓ જે અપેક્ષાઓ જન્માવે છે તેના કારણે મોટી મુશ્કેલી સર્જાઇ રહી છે. આ પ્રેસ માટે પ્રતિબિંબિત કરવાની બાબત છે. છેલ્લી કેટલીક ચૂંટણીઓમાં, ખાસ કરીને ઈલેક્ટ્રોનિક મીડિયા પર, ઘણી વસ્તુઓ એક સાથે થઈ છે.” “પ્રથમ, એક્ઝિટ પોલ બહાર પાડવામાં આવે છે - અમે તેને નિયંત્રિત કરતા નથી... પરંતુ આત્મનિરીક્ષણની જરૂર છે, નમૂનાનું કદ શું હતું, સર્વે ક્યાં કરવામાં આવ્યો હતો, પરિણામ કેવી રીતે આવ્યું અને મારી જવાબદારી શું છે. જો હું તે પરિણામ સાથે મેળ ખાતો નથી, તો શું ત્યાં જાહેરાતો છે - આ બધાને જોવાની જરૂર છે,” એમ તેમણે કહ્યું હતું. રાજીવ કુમારની વાત બિલકુલ બરાબર છે, એક્ઝિટ પોલ્સ વાળાઓએ આત્મ નિરીક્ષણ કરવાની જરૂર છે.

ઝારખંડ અને મહારાષ્ટ્ર માટે ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરતી વખતે, મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે મતગણતરી 8:30 વાગ્યે શરૂ થાય છે. જ્યારે ટ્રેન્ડ્સ ૮:૧૦ વાગ્યે જ આવવા માંડે છે, અને આ ટ્રેન્ડ્સ એક્ઝિટ પોલ્સના તારણો મુજબના હોય છે. આ શરૂઆતી ટ્રેન્ડ્સ એક્ઝિટ પોલ્સ વાળા કે તેમના મળતિયાઓ આપતા હોય છે. પછી ખરેખરા પરિણામો આવવા માંડે છે તો તે ઘણી વખત શરૂઆતી ટ્રેન્ડ્સ કરતા જુદા હોય છે. તેમણે પ્રશ્ન કર્યો કે શું પ્રારંભિક વલણોનો ઉપયોગ એક્ઝિટ પોલને યોગ્ય ઠેરવવા માટે કરવામાં આવી રહ્યો છે. “અમુક સંસ્થાઓ છે જે આનું સંચાલન કરે છે...મને ખાતરી છે કે સમય આવી ગયો છે કે એસોસિએશનો/સંસ્થાઓ કે જેઓ એક્ઝિટ પોલ્સનુ સંચાલન કરે છે, તેઓ સ્વ-નિયમન કરશે...ચૂંટણી પૂરી થયા પછી લગભગ ત્રીજા



દિવસે મતગણતરી થાય છે. સાંજે 6 વાગ્યાથી અપેક્ષાઓ વધે છે. ...પરંતુ જાહેરમાં આનો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી જ્યારે મતગણતરી શરૂ થાય છે ત્યારે સવારે 8.05 થી 8.10 વાગ્યે પરિણામ આવવાનું શરૂ થાય છે. આ બકવાસ છે, એક્ઝિટ પોલને યોગ્ય ઠેરવવા આ થાય છે?... અમે વેબસાઇટ પર સવારે 9.30 વાગ્યે પરિણામો મૂકવાનું શરૂ કરીએ છીએ...તેથી, જ્યારે વાસ્તવિક પરિણામો આવવાનું શરૂ થાય છે, ત્યારે એક મિસમેચ ક્યારેક ગંભીર સમસ્યાઓ તરફ દોરી શકે છે,” એમ તેમણે કહ્યું હતું .કુમારે વધુમાં જણાવ્યું હતું કે અપેક્ષાઓ અને સિદ્ધિઓ વચ્ચેનું અંતર નિરાશા તરફ દોરી જાય છે અને આ મુદ્દાની સાવચેતીપૂર્વક વિચારણાની જરૂર છે.


વાસ્તવમાં એક્ઝિટ પોલ્સની ખરેખર કોઈ જરૂર જ નથી. બીજા કે ત્રીજા દિવસે પરિણામો આવવાના જ હોય છે, પછી એક્ઝિટ પોલ્સની શું જરૂર છે? એક્ઝિટ પોલ્સ માત્ર ઉતેજના જગાડે છે, અપેક્ષાઓ જન્માવે છે, ખરેખરા પરિણામો એક્ઝિટ પોલ્સના તારણોથી વિપરીત આવે તો જેમની અપેક્ષા ભંગ થઇ છે તે વર્ગ હતાશ થાય છે. પછી આક્ષેપ બાજી અને વિવાદોનો દોર શરૂ થાય છે. મોટેભાગે કેટલાક મીડિયા ગૃહો જ એક્ઝિટ પોલ ચલાવતા હોય છે. જન કી બાત, ચાણક્ય, સિવોટર વગેરે નામો એક્ઝિટ પોલ્સને આપવામાં આવતા હોય છે. આનાથી મીડિયા ગૃહોને પબ્લિસિટી મળે છે, પણ આ પોલ્સ ખોટમાં ચાલતા હોય છે. એક એક્ઝિટ પોલના સંચાલકે જ હાલમાં એક ઇન્ટરવ્યૂમાં આ વાત કબૂલી હતી. એક્ઝિટ પોલ્સ જો ખોટા જ પડવાના હોય અને ગુંચવાડા જ ઉભા કરવાના હોય તો તેમને બંધ કરાવી દેવા જોઈએ.

## ઘણી ગઈ થોડી રહી

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક રાજાના દરબારમાં ઉત્સવ હતો. દેશભરમાંથી મહેમાન આવ્યાં હતાં.આખી રાત રાજનર્તકીના નૃત્યનો કાર્યક્રમ હતો.નર્તકીના સુંદર નૃત્યથી બધાં મોહિત હતાં. આખી રાત નર્તકીએ થાક્યા વિના નૃત્ય કર્યું. સૂર્યોદય હવે નજીક જ હતો ત્યાં નર્તકીએ નાચતાં નાચતાં જોયું કે તબલાવાદકને ઝોકાં આવી રહ્યાં હતાં. નર્તકી નાચતાં નાચતાં જોરથી દુહો બોલી, ‘ઘણી ગઈ થોડી રહી , યા મેં પલ પલ જાય; એક પલક કે કારણ યું ના કલંક લગાય.’ આ દુહો સાંભળતાં જ તબલાવાદક સજાગ થઈ ગયો અને બરાબર તબલાં વગાડવા લાગ્યો. ત્યાં તો અચાનક યુવરાજે નર્તકીના ગળામાં હીરાનો હાર પહેરાવી દીધો અને કહ્યું, ‘તારા દુહાએ મારી આંખો ખોલી.’...ત્યાં તો વૃધ્ધ રાજાએ પણ નર્તકી પર સોનામહોરોનો વરસાદ કર્યો અને બોલ્યા, ‘તારા દુહાએ મને સાચી સમજ આપી.’નર્તકીને કંઈ સમજાયું નહિ કે પોતે તબલાવાદકને જગાડવા જે દુહો કહ્યો



તેમાં યુવરાજ અને રાજાની આંખો કઈ રીતે ખૂલી. રાજા બોલ્યા, ‘રાજનર્તકી, તું સુંદર નૃત્યાંગના તો છે, સાથે સાથે બાહોશ અને હોશિયાર છે. તેં મને તારા દુહામાં જીવનની સમજ આપી કે રાજન, તમારા જીવનનો ઘણો સમય વીતી ગયો છે. હવે થોડો જ સમય બાકી રહ્યો છે. હવે થોડું રહ્યું છે.યુવરાજને રાજા બનાવી રાજપાટનો મોહ છોડી ભગવાનને ભજો. તારો આભાર.’યુવરાજ તો નર્તકીના પગમાં પડી રડવા લાગ્યો. બોલ્યો, ‘તમારા દુહાએ મને પિતૃહત્યાના પાપથી બચાવ્યો.’ કોઈને કંઈ સમજાયું નહિ.પોતાના પિતાનાં ચરણ પકડી માફી માંગતાં યુવરાજ બોલ્યો, ‘પિતા મહારાજ, મને માફ કરજો.લાલચમાં અંધ બનીને હું મારા મિત્રોના ચઢાવવાથી રાજા બનવા, આજે રાત્રે તમારી હત્યા કરવાનો હતો પણ આ દુહામાં મને સમજાયું કે ઘણો સમય તો વીતી ગયો છે. હવે થોડો જ સમય છે પછી તો રાજગાદી મને જ મળવાની છે.તો લાલચમાં પિતાની હત્યાનું કલંક શા માટે લઉં?’ યુવરાજે આટલું કહી પિતાનાં ચરણો પકડી માફી માંગી.રાજાએ ઘોષિત કર્યું કે આવતી કાલે યુવરાજનો રાજ્યાભિષેક થશે.રાજ્યાભિષેક બાદ રાજાએ પ્રભુભજન કરવા વનમાં જવાનું નક્કી કર્યું.યુવરાજે નર્તકીને પોતાના સલાહકારોમાં સ્થાન આપ્યું.

આ વાર્તા રાજા, યુવરાજ અને નર્તકીની નહિ પણ આપણા બધાની છે. આ દુહાને જીવનની સાથે જોડીએ તો જીવન પળ પળ વીતી રહ્યું છે.ઘણું ગયું અને થોડું રહ્યું છે તો જીવનના સમયને સેવા કાર્યો અને પ્રભુ ભજનમાં વિતાવીએ.લોભ ,લાલચ અને સ્વાર્થમાં અંધ બની કે મોહમાયામાં બંધાઈને ખોટાં કામ ન કરીએ.

# વિકાસના બે અંતિમ છેડે રહેલા બે મહાનુભાવોને અંજલિ

## કહેવાની વાત

નેહા શાહ

**ડગલે ને પગલે જેના મૂળભૂત માનવ અધિકારોનું હનન થતું રહે છે. તેમને શ્રીમંતોના દિલમાં અનુકંપા કરતાં વધારે ભારતીય નાગરિક હોવાના સંવિધાનિક હકની જરૂર છે**

પાછલા અઠવાડિયે ભારતે એના બે સપૂતોને ગુમાવ્યા. એક, ૮૬ વર્ષના રતન ટાટા, જેમણે વિકાસની લહેરને વેગ આપવામાં ખૂબ મોટો ફાળો આપ્યો. દેશ વિદેશમાં ભારતની વિકાસ ગાથાનો તેઓ ચહેરો બની રહ્યા. તો બીજા ૫૭ વર્ષના પ્રો. સાઈબાબા જેમના ભાગે હંમેશા સામા પ્રવાહે તરવાનું આવ્યું અને એ ખુમારીભેર સામા આવતા કરંટનો સામનો કરતાં રહ્યા. તેઓ વંચિતોના માનવ અધિકારના મુદ્દે સંઘર્ષ કરતાં રહ્યા. વર્તમાન ભારતની વાસ્તવિકતાના પરસ્પર અંતિમ છેડે ઊભેલા બે મહાનુભાવો.

રતન ટાટાનું નામ અને કામ કોઈ ભારતીય માટે અજાણ્યું નથી. દેશના સૌથી જૂના અને સૌથી મોટા ઔદ્યોગિક જૂથના ચેરમેન તરીકે તેમણે ૧૯૯૧માં કાર્યભાર સંભાળ્યો. ત્યારથી આજની તારીખ સુધી ટાટા જૂથની સંપત્તિમાં ૧૩૩ ગણો વિકાસ છે, જેમાંથી ભારત સરકારની કાર આવકમાં ૨.૨૪ ટકા જેટલું યોગદાન કરે છે. અન્ય ઉદ્યોગપતિઓ કરતાં રતન ટાટા પોતાની વિનમ્રતા અને ઉદારતાને કારણે અનોખા રહ્યા. એમની મહત્ત્વાકાંક્ષામાં વ્યક્તિગત વૃધ્ધિ કરતાં ભારતના વિકાસ પર ધ્યાન વધુ કેન્દ્રિત હતું. ૧૯૯૧માં શરૂ થયેલા ઉદારીકરણ બાદ ઉદ્યોગ અને વ્યાપારે ભરેલી હરણફાળમાં રતન ટાટાના નેતૃત્વ હેઠળ ટાટા જૂથનો ફાળો ખૂબ નોંધપાત્ર છે. કોઈ ભારતીય કંપની પણ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ ખરીદી ભારતને વૈશ્વિક ફલક પર ઊભું કરી શકે એ ચીલો તેમણે શરૂ કર્યો. એમાં મુખ્યત્વે ચા ની કંપની ટેટલી, જગુઆર અને લેન્ડ રોવર કાર કંપની અને સ્ટીલ કંપની કોરસ ગણી શકાય. આ સાથે વધતી આવક સાથે મધ્યમ વર્ગની વધેલી ખરીદશક્તિને સંતોષવા ઝારા જેવી બ્રાન્ડની સામે ઝૂડિયો જેવી ગજવાને પરવડે એવી બ્રાન્ડ પણ ઊભી કરી. મધ્યમ વર્ગની આકાંક્ષામાં ચાર પૈંડાનું મહત્ત્વ હોય તો પોષાય એ ભાવે એમને મળી રહેવું જોઈએ એ ભાવનાએ એક લાખ રૂપિયાની નેનો સૌથી સસ્તી કાર તરીકે બજારમાં આવી. સતત નવા શરૂ થતાં સ્ટાર્ટઅપને ટેકો કરવા માટે રતન ટાટાએ વ્યક્તિગત રીતે રસ લીધો અને ઈ-કોમર્સ જેવા અતિ ઝડપે વધી રહેલા ક્ષેત્રે રોકાણ વધાર્યું અને માર્ગદર્શન પણ આપ્યું જેનો ફાયદો બિગ બાસ્કેટ, ઓલા, પેટીએમ, લેન્સકાર્ટ અને અર્બન કંપની જેવા ચાલીસેક જેવા ઊભરતા ધંધાઓને થયો. રતન ટાટા નફાની ગણતરીથી ઉપર ઊઠીને ઘણી બિનસરકારી સંસ્થાઓના સામાજિક ઉદાર દિલે ફાળો આપવા માટે પણ જાણીતા છે.

રતન ટાટા વિકાસનો ઉજળો ચહેરો હતા. વિકાસની ગાથા આદર્શથી ઘણી દૂર છે. ખાનગી નફાની વૃધ્ધિ સાથે સંપત્તિનું કેન્દ્રીકરણ વધતું જોવામાં આવ્યું છે, જે આવકની અસમાન વહેંચણી વગર શક્ય નથી. સમાજનો એક મોટો વર્ગ વિકાસની ગાડીમાં ચડી જ નથી શકતો. એમની પાસે જે સંસાધનો છે તે પણ તેમના હાથમાંથી સરી રહ્યાં છે. ડગલે ને પગલે જેના મૂળભૂત માનવ અધિકારોનું હનન થતું રહે છે. તેમને શ્રીમંતોના દિલમાં અનુકંપા કરતાં વધારે ભારતીય નાગરિક હોવાના સંવિધાનિક હકની જરૂર છે. વિકાસના આ બીજા અંતિમ બિન્દુએ પ્રો. સાઈબાબાની વાત શરૂ થાય છે. અતિશય ગરીબીમાં જન્મેલા અને બાળપણથી પોલિયોની બીમારીમાં અડધા શરીરે વિકલાંગ બનેલા પ્રો. સાઈબાબાનું જીવન દેશના વંચિત સમુદાયમાં જીવાતા સંઘર્ષમય જીવનનો ચિતાર છે. પોલિયોગ્રસ્ત શરીરને લીધે તેમનું શિક્ષણ મોડું શરૂ થયું. તેમની માતા એમને ઊંચકીને શાળાએ લઈ જતી, પછી તેઓ જાતે ચાર પેજ ચાલીને જતાં. પણ, શાળાના મકાનમાં રેમ્પ ના હોય એટલે ઓટલાની ઊંચાઈ પાર કરી વર્ગ ખંડમાં કેમ કરી જવું? તેમણે એક ઈંટરવ્યુમાં કહ્યું હતું કે તેઓ ઓટલાની નીચે બેસીને જે સંભળાય એ સાંભળતા. એક વાર શાળામાં ઈન્સ્પેક્શન હતું એટલે એમને ઊંચકીને ક્લાસમાં લઈ જવાયા. ઈન્સ્પેક્ટરના બધા પ્રશ્નોના જવાબ એમણે જે આત્મવિશ્વાસથી આપ્યા ત્યાર પછી કોઈ એમની બુધ્ધિમતાને અવગણી ના શક્યું. તેમણે દિલ્હી યુનિવર્સિટીની રામલાલ આનંદ કોલેજમાં અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. દલિત હોય કે આદિવાસી, ખેડૂત હોય કે મજૂર, પ્રો. સાઈબાબા દરેક માનવ અધિકારના સંઘર્ષની સાથે જોડાયેલા રહ્યા. આદિવાસી વિસ્તારોમાં થઈ રહેલાં ભારે ઔદ્યોગિક રોકાણોને કારણે જ્યારે સ્થાનિક લોકોનો અધિકાર જોખમાયો ત્યારે તેમના હક માટેના સંઘર્ષ સાથે જોડાતા રહ્યા. એટલે જ સત્તામાં જે પણ હોય, દરેક પક્ષને નડતાં રહ્યા. માઓવાદી સંગઠનો સાથે જોડાયેલા હોવાનો એમની ઉપર આરોપ લાગ્યો અને તેમણે જીવનનાં લગભગ દસ વર્ષ જેલમાં અમાનુષી સંજોગોમાં એક એવા આરોપ માટે વિતાવ્યાં, જે દસ વર્ષે પણ સાબિત ના થઈ શક્યો અને મહારાષ્ટ્ર હાઈકોર્ટે એમને નિર્દોષ જાહેર કર્યા. જેલમાં લખેલી તેમની કવિતાઓમાં ભારતની ધરતી સાથે જોડાયેલા છેવાડાના માણસ પ્રત્યેનો ભારોભાર પ્રેમ છલકાય છે.

દેશના આ બંને મહાનુભાવોને બે દિવસમાં ઉપરાછાપરી ગુમાવ્યા ત્યારે બંનેનાં જીવન અને તેમણે દેશ માટે આપેલા યોગદાન ઉપર નજર કરતાં ભારતની વિકાસયાત્રામાં રહેલા વિરોધાભાસ તરફ ધ્યાન જાય છે. એકે ભારતની સંપત્તિ વધારવાનું કામ કર્યું તો બીજાએ માનવ અધિકાર માટે અવાજ ઉઠાવતા રહેવાનું કામ કર્યું. બંનેના જીવનની યાત્રા પરસ્પર સામસામેના છેડાની હતી, પણ નોંધપાત્ર હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# પ્રજાલક્ષી ચૂંટણીઢંઢેરો... અમારે આ જોઈએ છે...

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**આપણે સ્પષ્ટ રીતે આપણી માંગણીઓ મૂકવી જોઈએ. હવે પ્રજાએ નેતાઓને કહેવાનું છે કે અમારે આ બધું જોઈએ છે જે શાસકો આ આપશે તેને અમે મત આપીશું**

વધુ બે રાજ્યોમાં ચૂંટણી જાહેર થઈ છે. ગુજરાતમાં પણ આવનારા સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામવાનો છે. ખાસ તો ગ્રામ પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણી.મહારાષ્ટ્રમાં બહુપાંખિયો જંગ થવાનો છે. રાજકીય પક્ષો દેશની રાજનીતિમાં હમેશાં ધ્રુવીકરણ પર ભાર મૂકે છે. ધર્મ,જ્ઞાતિ, જાતિનાં સમીકરણો છેલ્લે તો નિર્ણાયક બને છે. ગુજરાત મોટે ભાગે દ્વિપક્ષીય રાજનીતિ માટે ટેવાયેલું છે એટલે કેજરીવાલ જેવું ફેક્ટર અહીં ઊભું થતું નથી.બંને મોટા પક્ષોએ ચૂંટણી માટે કમર કસી છે પણ આપણે એ બધામાં નથી પડવું. આપણે વાત કરવી છે આપણી સામાન્ય પ્રજાની જરૂરિયાતોની. ચૂંટણીમાં આહીં તો આપણી રોજિંદી ફરિયાદો માટે વોટ આપવાનો હોય. નગરનો મતલબ જ છે નળ,ગટર અને રસ્તા...મતલબ કે પાયાની સુવિધાઓ... આપણા શહેરની ગટર વ્યવસ્થા શું છે? રસ્તાની હાલત કેવી છે? પાણી આવે છે કે નહિ..સ્માર્ટ સીટીના વાયદામાં આ પાયાની જરૂરિયાતો ખોવાઈ ના જાય તે જોવું રહ્યું.

ભારતના બંધારણ મુજબ સમવાય વ્યવસ્થામાં સત્તાની ત્રણ સ્તરે વહેંચણી થયેલી છે. કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ. બંધારણમાં આ ત્રણેય સત્તાઓએ કરવાનાં કામ અને તે માટે ઉઘરાવવાના વેરા વહેંચી આપવામાં આવ્યા છે. કાર્યક્ષમતાના નિયમ મુજબ જે સત્તા જે કામ સારી રીતે કરે તેને તે વહેંચવામાં આવ્યું છે એટલે આપણા રોજિંદા જીવનની બધી જ જરૂરિયાતો સ્થાનિક સંસ્થાઓને આપવામાં આવી છે. રસ્તા, પાણી ,ગટર ,જાહેર રસ્તાની વીજળી ,પ્રાથમિક શિક્ષણ જેવી અત્યંત મહત્ત્વની જરૂરિયાતો આ સ્થાનિક સંસ્થાઓએ આપવાની છે. ફરજ તરીકે આપણે પણ આ સમજવાનું છે કે આપણે વોટ આપીએ ત્યારે આ કામગીરી સારી રીતે જે કરે અથવા કરવાનું વચન આપે તેને આપણે વોટ આપવાનો છે.રાજકીય પક્ષો વચન આપવામાં પાછા પડતા નથી. બધા જ પક્ષો વિઝન ૨૦૨૫ રજૂ કરી રહ્યા છે પણ ખરેખર તો આપણે પ્રજાએ આ પક્ષોને કહેવું જોઈએ કે ઊભા રહો, તમે અમને વચન ના આપો. અમારે તમારો ચૂંટણી ઢંઢેરો નથી સાંભળવો. અમે કહીએ તે તમે સાંભળો.

આ ચૂંટણીમાં પછી એ મહારાષ્ટ્ર હોય, ઝારખંડ હોય, ભાવનગર હોય કે જામનગર, સુરત હોય કે અમદાવાદ, બધાને સરખી રીતે લાગુ પડતી કેટલીક બાબતો આહીં રજૂ કરીએ છીએ કે પ્રજા તરીકે તમે આ બાબતોની માગણી કરો.

૧ સૌ પ્રથમ તો આપણો મત એને જ મળે, જે પીવાનું ચોખ્ખું પાણી દિવસમાં એક વાર તો આપે જ.

૨ શહેરોનો બીજો મોટો પ્રશ્ન ટ્રાફિકનો છે.નવી સરકારો રસ્તા પહોળા કરે, નવા કરે અને અમદાવાદ કે સુરત જેવાં શહેરોમાં બીઆરટીએસનો પુનર્વિચાર કરે, એટલું જ નહિ, જે શહેરોમાં હજુ બીઆરટીએસ ચાલુ નથી થઈ ત્યાં આવી ભૂલ ના કરે. આપણે ત્યાં દિનપ્રતિદિન વાહનો વધતાં જાય છે. ગીચ રસ્તાઓમાં ઘરો તોડીને રસ્તા પહોળા કરવામાં આવ્યા ત્યારે આ બીઆરટીએસથી તે વધુ સાંકડા થયા છે.

૩ આપણું પ્રાથમિક શિક્ષણ સાવ ખાડે ગયું છે. ઉચ્ચ મધ્યમ વર્ગનાં બાળકો નગરપાલિકાની સ્કૂલમાં ભણવા જતાં જ નથી. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ કરવા જેવું કામ હોય તો એ છે કે શિક્ષણ અને તે માટેની સ્કૂલો સુધારે.

૪ તમામ શહેરોમાં જાહેર રસ્તા પરનાં દબાણો વધી રહ્યાં છે. એક સર્વગ્રાહી નીતિ દ્વારા રાજ્ય સરકારને સાથે રાખીને આ તમામ દબાણો દૂર કરે એવી સરકાર આપણે જોઈએ. આ કામ અઘરું છે કારણ અહીં દરેક પક્ષના લાગતાવળગતા નેતાઓનાં જ જાહેર જમીનો પર દબાણો છે માટે જ તેમના વહીવટી તંત્ર પર દબાણો છે.

૫ હમણાંથી ખાનગીકરણ અને કોન્ટ્રાક્ટ આપવાનો સૌને રોગ લાગ્યો છે.સફાઈના કોન્ટ્રાક્ટ,વહીવટના કોન્ટ્રાક્ટ. આપણે આ કોન્ટ્રાક્ટ સીસ્ટમનો વિરોધ કરવાનો છે.બાગબગીચામાં ફી નો વિરોધ કરવાનો છે. એક બાજુ વેરા પણ ભરવાના અને બીજી બાજુ ફી પણ આપવાની તો આ સરકારો શું કરવાની?

દરેક પક્ષ પોતાનો વચન વેપાર ભલે કરે, આપણે સ્પષ્ટ રીતે આપણી માંગણીઓ મૂકવી જોઈએ. હવે પ્રજાએ નેતાઓને કહેવાનું છે કે અમારે આ બધું જોઈએ છે જે શાસકો આ આપશે તેને અમે મત આપીશું.

ભારતમાં હવે ચૂંટણી ખાસ તો વિધાનસભા કે નગર પંચાયતની ચૂંટણી આપણા રોજિંદા પ્રશ્ન માટે લડાય તે જરૂરી છે. આપણે જેને સત્તા આપીએ તેણે શાસન પણ કરવાનું છે અને તે શાસન ન કરે તો રોજિંદા જીવનમાં અંધાધૂંધી ફેલાય. અત્યારે તો રાજકીય પક્ષો સત્તા મળ્યા પછી શાસન અધિકારીઓ ઉપર છોડી દે છે અને થોડા સમય પછી નેતાઓ જ કહે છે કે અધિકારીઓ માનતા નથી. અલ્યા અધિકારીઓ માનતા નથી તે વાત વોટ લેવા આવ્યા ત્યારે ખબર નોતી? સૌ સાચવજો.. ગુજરાત તો ખાસ સમજે...ગ્રામ પંચાયતની ચૂંટણી સ્થાનિક મુદ્દા પર લડજો. બાકી દિવાળી આવે છે. જૂનો માલ રાખવો કે કાઢવો તે તમારા હાથમાં છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ‘દેશનું સાચું રતન ટાટાને અલવિદા-શ્રધ્ધાંજલિ

પદ્મભૂષણ, સાચા રાષ્ટ્રપ્રેમી, બ્રિટીશ શાહી પરિવાર દ્વારા લાઈફ ટીમ એચીવમેન્ટ એવોર્ડ મેળવનારા, મુઠ્ઠી ઊંચેરા મહામાનવ, કેન્સર ગ્રસ્ત માતાની સેવા કરનારા શરૂઆતની જિંદગીમાં વાસણ ધોનારા, ટાટા ગ્રુપ દ્વારા અનેક શૈક્ષણીક સંસ્થાઓ સ્થાપનારા સાદગીસભર જીવન જીવનારા સૂરત સંતોકબા એવોર્ડ મેળવવા આવ્યા ત્યારે દાતા ગોવિંદકાકાને સિક્યુરીટી નહીં આપજ જાતે લેવા આવજો કહેનારા અને મુંબઈ તાજ હોટલ પર આતંકી હુમલા સમયે જાનને જોખમે ત્યાં ત્રણ દિવસ રહી નવા જ ટ્રસ્ટની રચના કરી કર્મચારીઓની વ્હારે ધાઈ હુમલાનો ભોગ બનેલા કર્મચારીઓના બાળકોને સંપૂર્ણ શિક્ષણની જવાબદારી લઈ લાખો રૂપિયા આપી કર્મચારીઓને છેલ્લા પગાર જેટલી જ રકમ દર મહિને આપનારા, માનવતાના મિશાલસમા ભારતીય ઉદ્યોગ જગતના ભિષ્મ પિતામહ એક ઈન્ટરવ્યુહ દરમ્યાન પ્રેરક સલા આપતા જણાવ્યું હતું કે તમારી ભૂલ તમારી જ છે. એ સ્વીકારો, ચઢાવ ઉતારને આવકારો, ટીવીનું જીવન અસલી નથી. નકલ ન કરો. તમે કેટલા લોકોના જીવન પર અસર પાડી છે તે મહત્ત્વનું છે. હારથી ન ડરો. ઈમાનદાર વ્યક્તિ બનો. તમારા જીવનની આનંદની શ્રેષ્ઠ પળો કઈ ત્યારે તેમણે જણાવ્યું કે દિવ્યાંગોને સાયકલ ભેટ આપી ને એક છોકરાએ પગ પકડી સ્વર્ગમાં તમે મળો ત્યારે તમારો ચહેરો યાદ રાખુ એમ કહ્યું ત્યારે જીવનની ફિલસુફી સમજાઈ હતી. કોવિદ વખતે 1500 કરોડ રૂપિયાનું દાન કરનારા, લોસએંજલસમાં ગોરી યુવતી પ્રત્યે આર્કષનારા એક ઈન્ટરવ્યુ દરમ્યા સીમી ગરેવાલ પ્રત્યે સોફ્ટ કોર્નર રાખનારા, 2 BHK માં રહેનારા, ટાટા જુથના વડા, દેશનું સાચું રતન, રતન ટાટાને નતમસ્તકે શ્રધ્ધાંજલિ.

જહાંગીરપુરા - ભગુભાઈ પ્રે.સોલંકી

## સાઈબર ક્રાઈમર

રામરાજમાં બ્રાહ્મણવંશ રાવણના સીતાના અપહરણની કથા અને હાલ વર્તમાન ભારતમાં ડીજીટલ ઈન્ડિયા અને કેશલેસ ટ્રાન્ઝેકશને પ્રોત્સાહિત કરવામાં રામરાજના નામે જે રીતે હરામ રાજનો વિકાસ થઈ રહ્યો છે તેનો આ લખનાર દ્રષ્ટિ દિવ્યાંગ વિઝયુઅલી હેન્ડી પેન્શનરનો એકાઉન્ટ નંબર સાથે લીંક મો.નં. કેવી રીતે લીંક થયો છે તે જાણવા માટે એફઆઈઆર નોંધવી છે ત્યારે રાવણનાં દશ માથાં હતાં કે દશ મોબાઈલ હતા તે ધર્મભીરુજનો માટે ચિંતા અને ચિંતનનો વિષય ચર્ચાને ચોરે મૂકું છું.

ધરમપુર - ધીરુ મેરાઈ

## આવું ન’તું સુરત

ઘર છોડતા માણસને ખબર જ નથી, રસ્તે બજારમાં શું થવાનું છે? સહીસલામત ઘરે પહોંચે ત્યારે જ હાશ થાય. સવારના પ્હોરમાં વર્તમાનપત્ર હાથમાં લેતાં જ કેટલીય કોલમો, મારફાડ, અકસ્માત, નિર્દોષતાએ વાંકે જતા જાત પ્રાણ કિમતી જીવન. ટક્કર મોટો શબ્દ બની ગયો. હોન્ડાની ટક્કર, બસની ટક્કર, રીક્ષાની ટક્કર, ડમ્પરની ટક્કર, છક્કડ ખાઇ જાય રાહદારી. પાવડે પાવડે જલદી નાણાં અસોડવાની લ્હાયમાં રેલવેના પાટા પર પેડ લોક કાઢવા, ફેસપ્લેસ અને ચાવીઓ ખોલીઆ ટ્રેક અંતરાય. સદ્ભાગ્ય હોય મુસાફરોનું તો બચી જાય. મુસાફરી કરતી વેળા સલામતી કયાં? સલામતી નેવે મૂકી છેલ્લોછલ્લ ભરેલી ભૂલકાંઓની રીક્ષા, જુઠ્ઠા, બોગસ મુન્નાભાઈ, ડેન્ટીસો, દૂધ, અનાજ, મસાલા, ચોખ્ખા શોધવા નીકળે. પરંતુ ગ્રાહકના હાથ ખરડાયલા જ રહ્યા. બેફામ શાકભાજીના ભાવો, ઘરે તો, ઓછું જ આવે! યુવાનોના જીવલેણ ભયંકર સ્ટંટ જાહેર માર્ગ પર કોઈ કાબૂમાં લેનાર નથી? બનાવટી જકાતનાકા, બળજબરી પ્રેમ, બનાવટી ઓફિસરો, કયાં જશે સુરત, નશાબંધી પણ એટલી જ જવાબદાર. નૂરાડોસાની કેરોસીન દુકાન લીમડાચોકમાં હજી કાને પડઘાય છે.

વર્ષોથી ચારે બાજુથી પરદેશીઓનો પરપ્રાંતીઓનો ધસારો સુધ્ધાં કારણરૂપ. સુરતની ગત સદીની સંસ્કૃતિ જ સાવ જુદી હતી. એ ધાર્મિક દોડધામ, સ્વાદરસિયા, ચોક્કસ દુકાનો પર મળતું ફરસાણ, નિયમિતતા, બહારગામના સ્ટેશન પરથી ઈશ્વર તુલસીની છાબડી બંધાવ્યા વિના સુરત છોડે નહિ. ચાલુ સદીમાં બદલાઇ ગયું સુરત જે આવું ન’તું.

સુરત - કુમુદભાઈ બક્ષી

## હિંમતે મર્દા તો મદદે ખુદા કહેવત સાચી પાડતી માનસી પારેખ

લગ્ન પછી છોકરીઓ આગળ ન વધી શકે. બાળક જન્મે પછી તેના મધુર સ્વપ્નાં પૂરાં ન થઇ શકે એ બધી વાતો ખોટી છે. એક સ્ત્રી તેના ઘર, પરિવાર અને તેનાં સપનાં બધાને ખૂબ હેતથી સાચવી શકે છે અને એટલે જ ખંતથી સીંચી શકે છે. આ શબ્દો છે ફિલ્મ કચ્છ એક્સપ્રેસની સર્વશ્રેષ્ઠ બે નેશનલ એવોર્ડ મળ્યા તેમના. દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે આ એવોર્ડ સ્વીકારતી વખતે લાગણીઓના ઘોડાપૂર સામે તેના આસું ટકી ન શકયા અને દડદડ વહેવા લાગ્યા હતા. એક સામાન્ય મધ્યમ વર્ગીય ઘરની ગુજ્જુ દીકરી તેનાં સપનાં, એ સપનાં પાછળ અથાગ મહેનત, 20 વર્ષની કેરિયરના ઉતાર ચડાવ, રાષ્ટ્રીય, સામાજિક અને પર્યાવરણીય મૂલ્યો પર આધારિત સર્વશ્રેષ્ઠ ફિલ્મના બબ્બે એવોર્ડ મેળવનારી આપણી આ દીકરી આજની યુવા દીકરીઓ માટે ખૂબ જ પ્રેરણાદાયી છે. એ માને છે કે બસ સારું કામ કર્યા જ કરો. એક દિવસ એનું મીઠું ફળ તમને ચોક્કસ મળશે જ. સામાન્ય રીતે તમે ઉચ્ચ પેશનથી કામ કરો છો. મહેનત કરો છો. ઈચ્છો છો કે તમે એવું કંઈક કરો કે જે કળાની દૃષ્ટિએ સર્વોત્તમ હોય ને લોકોને ગમે જ ગમે. એવોર્ડ મેળવતી વખતે એની બાજુમાં નિત્યામેનન, અયાન મુખરજી, કરણ જોહર, મણી રત્નમ સર, એ.આર. રહેમાન સર, મિથુનદા, નીના ગુપ્તાની વચ્ચે એમને બેસતા ધન્યતાની લાગણી અનુભવી હતી. માનસી પારેખ, ગોહિલને ખોબલે ખોબલે અભિનંદન.

સુરત - રમીલા બળદેવભાઈ પરમાર

## યાત્રાધામોમાં દર્શનાર્થીઓની સંખ્યા નિશ્ચિત થવી જોઈએ

આપણાં ભારત દેશમાં દરેક વ્યક્તિને પોતાને મનગમતો ધર્મ પાળવાની તથા મનગમતાં ઈશ્વરને પૂજવાની છૂટ છે. આપણાં દેશનાં નાગરિકો ભાવુક તો છે, પરંતુ થોડા અંધશ્રધ્ધાળુ પણ છે. તમે કોઈ પણ તીર્થધામ કે યાત્રાધામમાં જશો તો તમને હકડેઠઠ ભીડ જોવા મળી શકશે. આટલી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ તથા યાત્રિકો હોવાને કારણે બસમાં જવા આવવાથી લઈને રહેવાની તથા ખાવાપીવાની સમસ્યાઓ ઉભી થાય છે. આ કારણે ખાનગી બસ ચાલકો, ભાડૂતી કાર ચાલકો તથા રીક્ષા ડ્રાઈવરો બમણાં નાણાં વસુલ કરે છે. રમકડાંની દુકાનથી માંડીને ઘર વપરાશની ચીજ વસ્તુઓ, પ્રસાદ વેચનારા વેપારીઓ પણ બમણાં નાણાં વસુલે છે. હોટલો, ગેસ્ટ હાઉસ તથા ધર્મશાળાઓવાળા પણ દર્શનાર્થીઓની મજબૂરીનો ફાયદો ઉપાડી દામદૂપટ કરે છે. ઉપરાંત કોઈ મોટી હોનારત કે દુર્ઘટના સર્જાય છે ત્યારે યાત્રિકોની સુવિધા અંગે ઘણી સમસ્યાઓ ઊભી થાય છે. યાત્રિકોની સંખ્યા કરતાં પ્રશાસનના માણસો સીમિત સંખ્યામાં હોય છે અને લોકો તથા મીડિયા બધો દોષનો ટોપલો પ્રશાસન ઉપર ઢોળી દે છે. ખાસ કરીને ધાર્મિક તહેવારોમાં, નવરાત્રીમાં, ઉનાળા વેકેશનમાં તથા દિવાળીની રજાઓમાં દરેક સ્થળે લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ, યાત્રિકો તથા સહેલાણીઓ ઉપસ્થિત થાય છે. આમ બીનજરૂરી જમાવને કારણે ઉપરોક્ત સમસ્યાઓ સર્જાય છે, એમાં સરકાર શું કરી શકે? આ મુશ્કેલીનું નિવારણ કરવા માટે સરકારે પણ એવો નિયમ બનાવવો જોઈએ કે પ્રતિદિન અમુક સંખ્યામાં જ ફરવાનો કે દર્શન કરવાનો પરવાનો આપવો જોઈએ.આના કારણે પ્રશાસનને, યાત્રિકોને દરેકને થોડી સહુલીયત રહેશે.

હાલોલ - યોગેશભાઈ આર જોશી